# બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# શ્રીમંત માણસ, ગરીબ માણસ




લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : M. Maillot; Lazarus

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

અનુકૂલન : M. Maillot; Sarah S.



60 વાર્તા 44

**www.M1914.org**

***Bible for Children,*** *PO Box 3, Winnipeg, MB R3C 2G1 Canada*



*પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.*


ગુજરાતી

Gujarati

ઈસુ જાણતા હતા કે ઘણા ધાર્મિક આગેવાનો ઈશ્વર કરતા પૈસાને વધુ પ્રેમ કરતા હતાં. તેમણે બે વ્યક્તિઓની વાત કરી કે તેમને શા માટે એમ થયું.



1

જો તેઓ ઈશ્વર વગર પૈસાદાર બનશે તો તેમની દશા એવી જ થશે. પૈસા દ્વારા ઈશ્વર પાસેથી સ્વર્ગનું જીવન ખરીદી શકાતુ નથી.



2


એક પૈસાદાર પાસે ખૂબ જ
મોંઘા કપડા હતાં. તે રાજાની
જેમ કપડા પહેરતો હતો.
3


એ શ્રીમંત સારૂં ભોજન પણ જમતો હતો, તેનું દરેક ભોજન એક મિજબાની
સમાન હતું. તેની પાસે એટલા બધા પૈસા હાત કે તેને જોઈએ તે ખરીદી
શકતો હતો. જેમ કે તેનો સવારનો નાસ્તો, બપોરનું ભોજન, સાંજનું વાળું
- વચ્ચે વચ્ચે નાસ્તો પણ કરી શકતો હતો.
4


આ શ્રીમંતના ઘરના દરવાજા પાસે એક ગરીબ, માંદો અને ભૂખે મરતો
ભિખારી બેસતો હતો. તેનું નામ લાઝરસ હતું.
5


આ ગરીબના શરીર પર જખમ
પડેલા હતા. કદાચ તેને ઘણાં રોગ
થયા હશે. કદાચ બીજા લોકો જેઓ
તેને તુચ્છ ગણતા હતા તેમના દ્વારા
તેમને કાપ અને ઘા પડ્યા હશે.
6


આ જખમ પડવાનું કારણ
કદાચ તેની સારા ભોજન
જેવા દૂધ, શાકભાજી કે માંસ
ખાવાનું મળતુ નહીં હોય.
7


લાજરસ ખાવા
માટે ઝંખના
રાખતો હતો. તે
કદાચ શ્રીમંત
માણસના મેજ
પરથી જે ટુકડા
પડતા હતા તેનાથી
ખુશ હશે.
8


આ ગરીબ
ભિખારી પર
કૂતરાઓ ચઢી જતા
હશે તેઓ તેની
આસપાસ સુંઘતા
અને તેના ઘા
ચાટતા હતા.
કોઈએ દરકાર ન
કરી કે આ લાજરસ
ભૂખે મરતો હતો.
9


એક દિવસે સવારે
લાજરસ ઉઠ્યો
નહિં. આ ગરીબ,
ભૂખે મરતો મિત્રો
વગરનો ભિખારી
આ દુનિયા છોડી
ચાલ્યો ગયો હતો.
લાજરસ મૃત્યુ
પામ્યો હતો.
10


જ્યારે લાજરસ મરી ગયો ત્યારે તેના માટે
આનંદ શરૂ થઈ ગયો. ઈસુએ કહ્યું કે દૂતો તેને
ઈબ્રાહીમ બાપ પાસે લઈ ગયા. લાજરસને
ઈશ્વરે દિલાસો દીધો.
11


શ્રીમંત માણસ પણ મરી ગયો. તેના બધા પૈસા તેનું જીવન બચાવી શક્યા
નહીં. જ્યારે મૃત્યુ આવે છે તેને કોઈ રોકી શકતું નથી.
12


આ પૈસાદાર માણસને દફનાવવામાં આવ્યો. કદાચ તેની દફનવિધિ ખૂબ
જ મોટી થઈ હશે. કદાચ લોકોએ આ શ્રીમંત માણસને હોંશિયાર અને
સફળ બન્યા હોવાની પ્રસંશા કરી હશે. પણ તેમની પ્રશંસા તેને
મદદ કરી ન શકી. આ શ્રીમંત માણસ
નર્કમાં ગયો.
13


નર્કમાંથી શ્રીમંત માણસે બૂમ પાડી કે, “ઈબ્રાહિમ બાપ, લાજરસને અહીં
મોકલ કે પોતાની આંગળીનું ટેરવું પાણીમાં ડબોડીને મારી જીભ પર
મૂકે જેથી મને ઠંડ કવળએ કારણ કે હું અગ્નિમાં વેદના પામુ છું.”
14













શ્રીમંત માણસ, ગરીબ માણસ

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

લુક ૧૬

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબતો
કરી છે, જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મોત છે.

ઈશ્વર આપણને પ્રેમ કરે છે, તેમણે તેના પુત્ર ઈસુને વધસ્તંભ
પર મૃત્યુ પામવા મોકલી આપ્યા જેથી આપણા પાપની શિક્ષાનું દેવું
ચૂકવી શકે. ત્યારબાદ તેઓ મૃત્યુમાંથી ઉઠીને સ્વર્ગમાં ગયા છે,
હવે ઈશ્વર આપણા પાપ માફ કરી શકે છે.

જો તમે તમારા પાપથી પાછા ફરવા માંગતા હોય તો ઈશ્વરને કહો કે :
વ્હાલા ઈશ્વર હું માનું છું કે ઈસુ મારા માટે મરી ગયા છે અને ફરી જીવતા
થયેલા છે. કૃપા કરીને મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો,
જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને જેથી તમારી સાથે સદાકાળ જીવી શકું.
તમારો બાળક બનવા મારી મદદ કરો. આમીન. યોહાન ૩:૧૬

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો.